*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 19

## પાઈકા વિદ્રોહ



**ચર્ચામાં શા માટે ?**

**પાઈકાઓનો ઈતિહાસ :-**

**પાઈકા વિદ્રોહ વિશે :-**


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)



TOPIC-18નો વીડિયો જોવા માટે અહી CLICK કરો

YouTube

ICE RAJKOT

SUBSCRIBE માટે અહી CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in

t.me/icerajkotofficial

9375701110/9328001110




- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા પાઈકા વિદ્રોહ સ્મારકનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.
- આ સ્મારકની સ્થાપના ઓડિસાના ખોર્ધા જિલ્લામાં બરુનેઈ ટેકરીઓની તળેટીમાં કરવામાં આવશે.

## પાઈકાઓનો ઈતિહાસ :-

- "પાઈકા" શબ્દનો ઉડિયા ભાષામાં અર્થ યોદ્ધા કે લડાકુ એવો થાય છે.
- પ્રાચીન કલીંગ સામ્રાજ્યના રાજા ખારવેલના સમયથી પાઈકાની લડત શૈલી જાણીતી છે. પાઈકાઓની આ લડત શૈલીને "પાઈકા અખાડા" તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગજપતિ શાસકોના સમયમાં તે એક લડાકુ વર્ગ તરીકે કાર્ય કરતા હતા તથા તેમના મહત્વના નીતિ-નિર્ણયોના કાર્યોમાં પણ ભાગ લેતા હતા.
- પાઈકાઓને તેમની સૈન્ય સેવાના બદલામાં રાજાઓ તરફથી ભાડા-મુકત જમીન આપવામાં આવતી હતી.

## પાઈકા વિદ્રોહ વિશે :-

- ઈ.સ. 1803થી અંગ્રેજોનું ઓડિસા પર પ્રભુત્વ વધી રહ્યુ હતું. પરિણામે પાઈકાઓનું મહત્ત્વ ઘટી રહ્યુ હતું.
- આ દરમિયાન અંગ્રેજોએ મહેસૂલી પદ્ધતિમાં ફેરફારો કર્યા અને પરિણામે પાઈકાઓની પરંપરાગત જમીન અંગ્રેજોની કર-નીતિ હેઠળ આવી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- અંગ્રેજોની કર-નીતિના કારણે પાઈકાઓ, ખેડૂતો અને જમીનદારો એમ દરેક વર્ગને મુશ્કેલી પડી રહી હતી.
- ઉપરાંત અંગ્રેજો સ્થાનિક લોકો પર ત્રાસ ગુજારી કરી રહ્યા હતા.
- મીઠાંના ભાવ વધારાના કારણે સામાન્ય લોકો પણ નવી અંગ્રેજ સરકાર વિરુદ્ધ હતા.
- છેવટે ઈ.સ. 1817માં 'ખુર્દા' કે 'ખોર્ધા' વિસ્તારમાં અંગ્રેજોની સામે વિદ્રોહની શરૂઆત થઈ હતી.
- પાઈકા વિદ્રોહનું નેતૃત્વ "બક્ષી જગબંધુ" દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ ખોર્ધાના રાજાના 'બક્ષી' એટલે કે 'કમાન્ડર' હતા.
- બક્ષી જગબંધુનું પૂરું નામ 'જગબંધુ વિદ્યાધર મોહપાત્ર ભ્રમરબર રાય' હતુ. તેઓ 'પાઈકા બક્ષી' તરીકે પણ ઓળખાતા હતા.
- આ વિદ્રોહ દરમિયાન પાઈકાઓને સમાજના ઘણાં વર્ગો તથા રાજાઓ દ્વારા સહાય મળી હતી.
- ખોર્ધા તરફથી કૂચ દરમિયાન પાઈકાઓએ એક અંગ્રેજ પોલીસ-ચોકીમાં આગ ચાંપી હતી.
- તેઓનો વિદ્રોહ ખૂબ ઝડપથી ખોર્ધા, કટ્ટક, પૂરી, પિપિલી અને ઓડિસાના અન્ય સ્થળોએ પ્રસર્યો હતો.
- મે, 1817 સુધીમાં અંગ્રેજોએ આ વિસ્તારો પર પોતાનો કાબૂ પાછો મેળવ્યો હતો, પરંતુ હજુ ઘણાં પાઈકાઓ 'ગોરીલા યુદ્ધ પદ્ધતિ'થી લડી રહ્યા હતા.
- ઈ.સ 1819માં સંપૂર્ણ રીતે વિદ્રોહ શાંત થયો હતો અને ઈ.સ. 1825માં 'બક્ષી જગબંધુ'એ અંગ્રેજો સમક્ષ સમર્પણ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT